# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

:- suratdeo@gmail.com - ૦૨૬૧-૨૬૬૨૯૦૨ web :-www.suratdeo.or


જા.નં.મા-૨/૨૦૨૪ / 15828

તા.૨૧/૧૧/૨૦૨૪ 22

પ્રતિ,

આચાર્યશ્રી,

સુરત જિલ્લાની તમામ રજીસ્ટર માધ્યમિક/ઉ.મા.શાળાઓ

સુરત શહેરની બિનસરકારી ગ્રાન્ટેડ/નોન ગ્રાન્ટેડ/ પ્રાથમિક શાળાઓ તરફ.

વિષય:- શિયાળાની ઋતુમાં વિદ્યાર્થીને ગરમ કપડા પહેરવાની છુટછાટ આપવા બાબત.

સંદર્ભ:- પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરીનો પત્ર ક્રમાંક નં.પ્રાશિનિ/છ-૨/સંકલન /૨૦૨૪/૪૪૧૫-૪૫૦૧ તા.૨૨/૧૧/૨૦૨૪

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે શિયાળાની ઋતુમાં ઠંડી પડી રહી છે અને સાથે સાથે ઠંડા પવનો પણ ફૂંકાઇ રહયા છે. આવા સંજોગોમાં વિદ્યાર્થીઓ પોતાના ઘરેથી જે પણ ગરમ કપડા પહેરીને આવે તેને માન્ય રાખવા તેમજ ઋતુ આધારિત સૂચનાનું કાયમી ધોરણે પાલન થાય તે જોવા તાકીદ કરવા તમામ શાળાઓએ ચુસ્તપણે અમલ કરવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી

સુરત.જિ.સુરત

બિડાણ :- ઉકત પરિપત્રની નકલ

'સ્થાયી સુચના'

ક્રમાંકઃપ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૪/૪૪૧૫-૪૫૦૧
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં- ૧૨/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ. રા. ગાંધીનગર. તા. ૨૨/૧૧/૨૦૨૪

પ્રતિ,
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

**વિષયઃ**- શિયાળાની ઋતુમાં વિદ્યાર્થીને ગરમ કપડા પહેરવાની છુટછાટ આપવા બાબત.
**સંદર્ભઃ**- માન. રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રીશ્રીની સૂચના અન્વયે.

ઉપર્યુકત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, હાલ શિયાળાની ઋતુમાં ઠંડી પડી રહી છે અને સાથે સાથે ઠંડા પવનો પણ ફૂંકાઇ રહ્યા છે. આવા સંજોગોમાં વિદ્યાર્થીઓ પોતાના ઘરેથી જે પણ ગરમ કપડા પહેરીને આવે તેને માન્ય રાખવા તેમજ કોઇ પણ શાળા વિદ્યાર્થીને ચોક્કસ પ્રકારના કે રંગના ગરમ કપડા પહેરવાની ફરજ પાડી શકશે નહી. ઉપરાંત, ઋતુ આધારિત આ સૂચનાનું કાયમી ધોરણે પાલન થાય તે જોવા તાકીદ કરવામાં આવે છે. જેથી દરેક વખતે આવી સૂચના આપવાની જરૂર નહીં રહે.

ઉકત બાબતે આપના તાબા હેઠળની તમામ પ્રાથમિક શાળાઓને આ અંગે જરૂરી સૂચના આપવા આથી જણાવવામાં આવે છે.

નાયબ શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ.રા.ગાંધીનગર

<u>નકલ સવિનય રવાના જાણ સારૂ</u> . . .
- અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રી શિક્ષણનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર
- અંગત સચિવશ્રી, માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રી શિક્ષણનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર
- માન. અગ્ર સચિવશ્રી, (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર